
(તસવીર : સમીર બલોચ)

# બાયડ નગરપાલિકા ઉપર પાણીના મુદ્દે મહિલાઓનો હલ્લા બોલ...

છેલ્લા કેટલાય સમયથી બાયડ નગરપાલીકા વીસ્તારમાં આવેલ બાયડ ગામમાં અને કસ્બા વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન નાખવાનુ કામ ખુબ જ ગોકળ ગતી એ ચાલી રહયુ છે જેને લઈને બાયડ કસ્બા વિસ્તારના નગરજનોને છેલ્લા ત્રણ મહિનાથી પીવાના પાણીની સમસ્યાથી પીડાઈ રહયા છે. ત્યારે આજે બપોરે બાયડ કસ્બા વિસ્તારની મહિલાઓએ પીવાના પાણીની સમસ્યાથી કંટાળી નગરપાલિકબા ખાતે હલ્લો બોલાવી બાયડ નગરપાલિકાના પ્રમુખને રજુઆત કરી હતી અને જો ટુંક સમયમાં આ પીવાના પાણી ની સમસ્યાનો નિકાલ કરવામાં નહી આવે તો આ મહિલાઓ દ્વારા ગાંધીચીધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

# ખેડબ્રહ્મા તાલુકાથી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૩

રાજ્યમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાની ત્રીજા તબક્કાની શ્રૃંખલામાં સાબરકાંઠા જિલ્લામાં ગઈકાલે ખેડબ્રહ્માથી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ થયો હતો. ખેડબ્રહ્મા તાલુકામાં ૭૫૬૨ ગરીબ લાભાર્થીઓને રૂ. ૯.૪૮ કરોડના સાધન સહાયનું વિતરણ કરાયું હતું.

રાજ્ય સરકાર દ્વારા અમલી આવાસ, બેંકેબલ અને સ્વરોજગાર, ખેતીવાડી, શહેરી ગરીબ,સામાજિક સુરક્ષા, માતૃ બાળ કલ્યાણ, સમાજ કલ્યાણની અનેકા યોજનાઓ અંતર્ગત ગરીબ લાભાર્થીઓને સાધન સહાય અપાયા હતા.

ગરીબ લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ કરતા શિક્ષણ મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે ગુજરાત દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે, જ્યાં ગરીબોને કોઈપણ વચેટીયા વિના સીધે સીધા સાધન સહાય અપાય છે. આ અભિયાન અંતર્ગત ગરીબોને ઘર આંગણે જઈને સરકાર લાભ આપે છે. ગુજરાતમાંથી ગરીબીને કાયમી રીતે મુક્ત કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું.





મંત્રીએ જણાવ્યું હતું કે આઝાદી પછી દેશમાં ગરીબો માટે જે કામ થયું એટલું કામ તો ગુજરાતમાં છેલ્લા બે તબક્કામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં થયું છે. આજે ગુજરાતમાં ૦ થી ૧૬ ગુણાંકવાળા એક પણ ગરીબ આવાસ-પ્લોટ વિનાના નથી. અગાઉ ગુજરાતમાં ૦ થી ૧૬ ગુણાંકવાળા ગરીબોને લાભ અપાયા છે જ્યારે આ વખતે ૧૭થી ૨૦ ગુણાંકવાળા ગરીબોને લાભ આપવાના છે.

કેન્દ્ર સરકારે બી.પી.એલ. યાદીના અપનાવેલા માપ દંડોનો ઉલ્લેખ કરી મંત્રીએ જણાવ્યું કે, કેન્દ્રે આ યાદીમાં અપનાવેલા બેવડા ધોરણોના કારણે ગુજરાતના ગરીબો તેના લાભથી વંચિત રહી ગયા છે. પરંતુ ગુજરાત સરકારે રાજ્યના ગરીબોને લાભ આપવા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યું છે.

મંત્રીએ રાજ્યમાં ૧૦૮ની સેવા ઉપરાંત શિક્ષણ સુવિધાઓની જાણકારી આપતા જણાવ્યું હતું કે, અગાઉની સરકારોમાં થઈ હોય તેના કરતા વધુ એટલે કે ૧૫ સરકારી માધ્યમિક શાળા પ્રવર્તમાન સરાકારે માત્ર ખેડબ્રહ્મા તાલુકામાં મંજૂર કરી છે. સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ગરીબોને કોઈ પણ વચેટીયા વિના સીધે સીધા લાભ આપવાની ભાવના આ રાજ્ય સરકારે સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. છેવાડાના માનવી સુધી વિકાસના ફળ મળે અને તેઓ વિકસિત સમાજની હરોળમાં આવે તેવો આશય ગરીબ કલ્યાણ મેળાનો રહ્યો છે.

પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષ રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં અગાઉ ૬૪૨ ગરીબ કલ્યાણ મેળામાં ૫૮ લાખ લાભાર્થીઓને સાધન સહાય અપાઈ છે. આ સરકારે ગરીબ લાભાર્થીઓને લાભાન્વિત કરવાની સાથે કલ્યાણ યોજનાના નવા આયામો પ્રસ્થાપિત કરીને કામ કરતી સરકારનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત કાર્યક્રમમાં મંત્રીએ જિલ્લા કક્ષાએ અગ્રીમ સ્થાન મેળવનાર પ્રતિભાઓનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ભાજપાના ઉપાધ્યક્ષ તખતસિંહ હડિયોલ, ખેડબ્રહ્મા માર્કેટ યાર્ડના ચેરમેન જશુભાઈ પટેલ, ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા, અન્ય પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર જયપ્રકાશ શિવહરે અન્ય અધિકારીઓ લાભાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ સી.ટી. પોલીસે ૬ ક્રિકેટ સટોડિયા પકડી લાખોનો માલ જપ્ત કર્યો

પાટણ, તા. ૧૩

પાટણ નવા ગંજ બજારમાં રેલવે નાળા તરફના મુખ્ય દરવાજા નજીક આવેલી ધરતી વીજ નિગમ ધરતી ફર્ટીલાઈઝર નામની દુકાનના મેડા ઉપર કેટલાંક ઈસમો ક્રિકેટનો સટ્ટો રમાડે છે તેવી બાતમીના આધારે પાટણ સીટી પોલીસે બાતમી સ્થળે રેડ પાડી કુલ રૂ. ૧,૭૬,૯૪૦ના મુદ્દામાલ સાથે ૬ સટ્ટોડીયાઓને ઝડપી પાડી તેમની સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર પાટણ નવા ગંજ બજારમાં રેલવે નાળા તરફના મુખ્ય દરવાજા નજીક આવેલ ધરતી વીજ નિગમ ધરતી ઈલેક્ટ્રોનિક નામની દુકાનના મેડા ઉપર કેટલાક ઈસમો હાલમાં ચાલતી આઈપીએલ ક્રિકેટ મેચો ઉપર ઈલેક્ટ્રોનિક સાધનોની મદદથી ક્રિકેટ સટ્ટા બેટીંગનો જુગાર પોતાના ફાયદા માટે રમે છે તેવી ખાનગી બાતમી પાટણ સીટીબીડીવી પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.એન. હુદાને મળતા પોલીસ સ્ટાફના માણસો તથા પંચો સાથે બાતમી સ્થળે ધરતી વીજ નિગમ ધરતી ફર્ટીલાઈઝર નામની દુકાનના મેડા ઉપર રેડ પાડી હતી. રેડ દરમિયાન પોલીસે ટીવી નંગ-૨ કિ.રૂ. ૬૫૦૦, મોબાઈલ નંગ - ૪૭ કિં.રૂ. ૨૫૫૦૦, લેપટોપ નંગ-૩ કિ. રૂ. ૫૯૦૦૦, વિગેરે મળી કુલ રૂ. ૧,૭૬,૯૪૦ સાથે કપિલભાઈ ભગવાનભાઈ ઠક્કર, અરવિંદભાઈ શાંતિલાલ ઠક્કર, નિલેષભાઈ પ્રતાપભાઈ ઠક્કર, પ્રતિક દિલીપભાઈ ઠક્કર અને વિજય દિનેશભાઈ ઠક્કર સહિત ૬ સટ્ટોડીયા ઝડપી પાડ્યા હતા અને તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર નાગરિક બેંકમાં ત્રણ ડિરેક્ટરો માટે છ ફોર્મ ભરાયા

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે આવેલ હિંમતનગર નાગરિક સહકારી બેંકમાં વર્ષ ૨૦૧૨માં ત્રણ ડિરેક્ટરોની મુદત પુરી થતા અને ત્રણ ડિરેક્ટરોની જગ્યા ખાલી પડતા શુક્રવારના રોજ ફોર્મ ભરવાની અંતિમ દિને છ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

હિંમતનગર નાગરિક બેંકમાં આ વર્ષે ત્રણ ડિરેક્ટરોની મુદત પૂર્ણ થતા ખાલી પડેલ જગ્યા માટે તા. ૭મી એપ્રિલના રોજ ડિરેક્ટરની ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પડ્યું હતું જેમાં ૯ એપ્રિલથી ૧૩ એપ્રિલ દરમિયાન ડિરેક્ટરો માટે ફોર્મ ભરવાની તારીખ હતી. અંતિમ દિને છ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આગામી ૨૨મી એપ્રિલે ચૂંટણીનું મતદાન યોજાશે.

## ગરીબ કલ્યાણ મેળામાં માલપુર ખાતે ૫,૩૮૭ ગરીબ લાભાર્થીઓને રૂ. ૮૦૬ લાખની સાધન સહાયનું વિતરણ

હિંમતનગર, તા.૧૩

રાજય સરકારના ગરીબ ઉન્મૂલન માટેના મહત્વાકાંક્ષી તાલુકા ગરીબ કલ્યાણ મેળો સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકા મથકે શિક્ષણ રાજય મંત્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

સૌના સાથ, સૌના વિકાસના મંત્ર અને સદભાવના સાથે શિક્ષણ રાજય મંત્રી જયસિંહ ચૌહાણે દીપ પ્રાગટય કરાવી, પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગરીબી દૂર કરવા રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ અનેક યોજનાઓ અમલી બનવી છે. આ યોજનાઓના લાભો ગરીબોને હાથોહાથ પહોંચાડવા ગરીબ કલ્યાણ મેળા એ મહત્વનું માધ્યમ છે. આ માધ્યમથી ગરીબોનો આત્મવિશ્વાસ વધે એ દિશામાં જન આંદોલન આદરી ગુજરાતના વંચિતોને મજબૂત અને સુરક્ષિત બનાવવાનો પ્રયત્ન કરેલ છે.

વધુમાં ઉમેર્યું હતું કે ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવાનું પ્રથમ પગથિયું ગરીબ કલ્યાણ મેળા છે. આવતા દિવસોમાં લાભાર્થીઓને મળેલ સાધન સાહય થકી મળેલ સાધનોનો સદઉપયોગ કરી, ગરીબો આર્થિક પ્રગતિના મંડાણ કરશે તેવી શ્રધ્ધા પણ મંત્રીએ વ્યકત કરી હતી.

પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન જયંતિભાઈ બારોટે જણાવ્યું હતું કે ભૂતકાળમાં ગરીબો માટેની સરકારની વિવિધ યોજનાઓના લાભો મેળવવા લાભાર્થીઓને સરકારની વિવિધ કચેરીઓના આંટાફેરા કરવા પડતા હતા. લાભાર્થીઓને માહિતી કે જાણકારી ન હોવાથી વચેટિયાઓ લાભ લઈ જતા હતા પરંતુ આ સરકારે ગામડાના જરુરિયાતમંદ લાભાર્થીઓને અગ્રતા આપી એક મંચ પરથી ગરીબ લાભાર્થીઓને હાથોહાથ લાભ પારદર્શક વહીવટથી પ્રાપ્ત કરાવ્યા છે અને વંચિતોને તેમના હક્ક અને લાભો નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં મળ્યા છે.

મંત્રી, ધારાસભ્ય તથા મહાનુભાવોના હસ્તે કુલ ૫,૩૮૭ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ પૈકી સહાય પેટે રૂ. ૮૦૬ લાખની સાધન સહાયથી ગરીબ લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા.

કન્યા કેળવણી નિધિમાં માલપુર વાજબી ભાવ એસોસિએશન તરફથી રૂ. ૧૧,૦૦૦નો ચેક મંત્રી જયસિંહ ચૌહાણને અર્પણ કરવામાં આવ્યો હતો.

## ડેમાઈ સેવા સહકારી મંડળીના ચેરમેન સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ખાતેની સેવા સહકારી મંડળીના ચેરમેન સરકારી કામકાજમાં અવરોધ પેદા કરી વિભત્સ વર્તન કરતા પુરવઠા ખાતાના અધિકારીએ બાયડ પોલીસ મથકે ચેરમેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગના ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર દેવેશ પટેલની આગેવાની હેઠળ પુરવઠા વિભાગની ટીમે ગત બુધવારે બપોરે ૩.૩૦ કલાકે બાયડ તાલુકાના ડેમાઈ ગામે ડેમાઈ સેવા સહકારી મંડળ દ્વારા સંચાલિત વાજબી ભાવની દુકાને તપાસ હાથ ધરી હતી. દરમિયાન મંડળના ચેરમેન કિર્તીભાઈ ગીરીશભાઈ પટેલે ટીમને સરકારી કામકાજ કરવામાં રૂકાવટ કરી. રેકર્ડ નહી આપી ટીમના સભ્યોને વિભત્સ ગાળો બોલી અસભ્ય વર્તન કર્યું હતું.

જેથી ટીમના આગેવાન દેવેશ પટેલે તાત્કાલિક આ ઘટના વિશે જિલ્લા કલેક્ટરને જાણ કરી હતી. આથી આ ઘટના સંદર્ભે જિલ્લા કલેક્ટરે ચેરમેન સામે ફરિયાદ કરવાનો હૂકમ કરતા ગુરૂવારે દેવેશ પટેલે બાયડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ બનાવ અંગે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધનસુરાની હિરાપુર ગૃપ ગ્રામ પંચાયત બિનહરીફ

ધનસુરા, તા. ૧૩

ધનસુરા તાલુકામાં ૧૫મી એપ્રિલે યોજાનાર ૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં હિરાપુર કંપા ગૃપ ગ્રામ પંચાયત બિન હરિફ બની છે. જ્યારે વોર્ડ નં. ૩માં એસ.ટી. બેઠક ખાલી રહેતા સમરસનો લાભ ગુમાવવો પડ્યો છે. ધનસુરા તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે ધનસુરા તાલુકામાં તા. ૧૫મી એપ્રિલે યોજાનાર બે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હિરાપુર કંપા ગૃપ ગ્રામ પંચાયતની ચૂંટણી બિન હરિફ થતા સરપંચ પદે નટુભાઈ પટેલ ચૂંટાયા હતા. તથા અન્ય વોર્ડમાં બાબુભાઈ મનુભાઈ, કપિલાબેન ગિરીશભાઈ, અમૃતાબેન સોમાલાલ જ્યારે પોયડા ગામમાંથી મોહનભાઈ મુળાભાઈ ચમાર, મનોજસિંહ ચૌહાણ અને અજયસિંહ ચૌહાણ સભ્યોમાં બિન હરિફ ચૂંટાયા હતા. આ સાથે વોર્ડ નં. ૩ માંઆદિવાસી ઉમેદવાર ન મળતા તે સમરસ બની શકી નથી. આગામી ૧૫ એપ્રિલે હિરાપુર ગામમાં ચૂંટમઈ યોજાશે ત્યારે હિરાપુર અને પાંચ દુહાડા ગામમાંથી સરપંચ માટે ૪ ઉમેદવારો રહેતા ખરાખરીનો જંગ જામશે.

## હિસાબ.. દો.. જવાબ.. દો.. જનસંપર્ક પરિવર્તન યાત્રા અર્તગત બાયડ શહેરમાં બાઈક રેલી યોજાઈ



બાયડ તા.૧૩

સમગ્ર રાજયમાં આવેલી નગરપાલિકાઓમાં હાલ કોગ્રેસ પક્ષ દ્વારા હાલમાં જ કેગ દ્વારા ભાજપ પક્ષ દ્વારા જાહેર કરેલા ભ્રષ્ટ્રાચારના આંકડાઓને મુદ્દો બનાવી સમગ્ર રાજયની નગરપાલીકા વિસ્તારોમાં લોકોને જાગૃત કરવા માટે કોગ્રેસ પક્ષ દ્વારા હિસાબ.. દો.. જવાબ..દો જનસંપર્ક પરીર્વતન યાત્રાનુ આયોજન કરવામાં આવી છે. આ યાત્રાનો હેતુ ભાજપ પક્ષે આચરેલા ભ્રષ્ટ્રાચારથી લોકો વાકેફ થાય તે માટે કાઢવામાં આવી છે તેવું કોગ્રેસ પક્ષના નેતાઓએ જણાવ્યું હતું તે કાર્યક્રમ અર્તગત આજે બાયડ શહેર કોગ્રેસ દ્વારા બાયડ નગરપાલિકા વીસ્તારમાં પાટણના સાંસદ જગદીશ ઠાકોર, માલપુર મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ભૂતપૂર્વ સાસંદ મધુસુદન મિસ્ત્રી, પુર્વ કાયદા મંત્રી વી. ડી.ઝાલાની આગેવાની હેઠળ આજે એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બાઈક રેલીમાં૫૦૦ જેટલી બાઈકો જોડાઈ હતી. આ રેલીમાં એક રથ અને વિવિધ મુદ્દાઓથી વાકેફ કરતાં બેનરો રથમાં લગાવવામાં આવ્યા હતા તથા ડી.જે.સાઉન્ડ સાથે ભાજપાએ આચરેલા કૌભાડોથી લોકોને વાકેફ કરવામાં આવ્યા હતા. આ રેલી બાયડ સંજીવની હોસ્પીટલ આગળથી પ્રસ્થાન કરી બાયડ ગાબટ રોડ ગાયત્રી મંદીર થઈ બાયડ ગામમાં મસ્જીદ થઈ મલાણીયા વીસ્તાર બાયડ પરબડી ચોક થઈ પોલીસ સ્ટેશન થઈ મણીનગર વિસ્તાર વ્રજ ગાર્ડન સોસાયટી થઈ સ્વમીનારાયણ સોસા.માં થઈ સર્કીટ હાઉસ ખાતે રેલીનું સમાપન થયું હતું.

આ રેલીમાં જીલ્લા પ્રમુખ ડાહયાભાઈ, બાયડ શહેર કોગ્રેસ પ્રમુખ દીનુભાઈ, ગુજરાત પ્રદેશ લઘુમતી સેલના યુસુફભાઈ શેખ, માલપુર તાલુકા પ્રમુખ, ધનસુરા તાલુકા પ્રમુખ મનહરસીહ અદેસીંહ વકીલ, મણીભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય માનવેન્દ્રસિંહ, કીરટભાઈ વકીલ, દીક્ષીતભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, સમીરભાઈ વકીલ, ભરતભાઈ બારોટ તથા મોટી સંખ્યામાં કોગ્રેસ કાર્યકર્તાઓ જોડાયા હતા.

**જિલ્લો : પાટણ**

**જમીન સંપાદન કેસ નં. ૪/૨૦૧૧** **તા. ૩૦/૩/૨૦૧૨**

પાટણ જિલ્લા કલેક્ટરના તા. ૧૯/૧/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક વળતર કેસ નં. ૪/૨૦૧૧ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસુચિમાં દર્શાવેલી જમીનો હવે પછી જેનો ઉલ્લેખ ઉક્ત જમીનો તરીકે કર્યો છે. આ સાથેની અનુસુચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ એ અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારીના જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫-ક ની પેટા કલમ(૨) મુજબ નાયબ કલેક્ટરશ્રી, રાધનપુરના અહેવાલને વિચારણામાં લીધા બાદ પાટણ જીલ્લાના કલેક્ટરને એવી ખાતરી છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી. અને ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તારીખ ૧૧મી ઓક્ટોબર ૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલ.એ.ક્યુ. ૨૨૬૨/૬૯/૧૭૭ સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ-ગ અન્વયે આથી ફક્ત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવતા રાધનપુર તાલુકાનો હવાલો ધરાવતા નાયબ કલેક્ટરશ્રી, રાધનપુરને નીમવામાં આવે છે. ઉક્ત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ અધિનિયમની કલમ-૭ અન્વયે સાથે તારીખ ૧૧મી ઓક્ટોબર ૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલ.એ.ક્યુ. ૨૨૬૨/૬૯/૧૭૭ને વાંચતા તેમને ફરમાવવામાં આવે છે.

ઉક્ત જમીનોનો નકશો રાધનપુર તાલુકાનો હવાલો ધરાવતા નાયબ કલેક્ટરશ્રી, રાધનપુરની કચેરી ખાતે તપાસી શકાશે.

**અનુસુચિ**

જીલ્લો : પાટણ, તાલુકો : રાધનપુર ગામ : ધરવડી

જાહેર હેતુ : રાધનપુરથી પાટણ (શોર્ટ એલાઈમેન્ટ રોડ) બનાવવા માટે.

| સર્વે નંબર / બ્લોક નંબર | જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે.ચો.મી. |
|---|---|
| ૨૫૭/૧ પૈકી | ૦.૦૨.૨૪ |
| ૨૫૬ પૈકી | ૦.૦૨.૯૩ |
| ૨૩૧/૧ | ૦.૦૪.૪૦ |
| ૨૨૬ પૈકી | ૦.૦૨.૦૮ |
| ૨૫૮ | ૦.૦૦.૭૯ |
| કુલ | ૦.૧૨.૪૪ |

| સહી/- (આર. વી. ગામીત) નાયબ કલેક્ટર, રાધનપુર | સહી/- (જે. જે. હીંગરાજીયા) કલેક્ટર, પાટણ |
|---|---|

નામાનિ/પાટણ/૧૩/૨૦૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧